સૂર્ય જેમ વિના નિમંત્રણ દરેકના ઘરમાં પહોંચી જાય છે તેમ સજ્જન વગર કહ્યે અન્યને સહાયભૂત થાય છે
- ચાણક્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૯૬ | ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૨, મંગળવાર; નિજ ભાદરવા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરના મિલ્કતધારકોને પ્રોપર્ટીકાર્ડ અપાશે

## સિટી સર્વે કચેરી દ્વારા ગાંધીજયંતિથી કામગીરીનો આરંભ કરાશે : પ્રથમ તબક્કામાં ૧ થી ૭ સેક્ટરમાં પ્રોપર્ટીકાર્ડ અપાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના ખાનગી મિલ્કતધારકોને સીટી સર્વે કચેરી દ્વારા પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવશે. આ કામગીરીનો આગામી ૨જી ઓક્ટો. ૨૦૧૨ને ગાંધી જયંતિથી આરંભ થશે. કોમ્પ્યુટરાઈઝ્ડ આ પ્રોપર્ટી કાર્ડ પ્રથમ તબક્કામાં ૧ થી ૭ સેક્ટરના મિલ્કતધારકોને આપવામાં આવશે.

સીટી સર્વે વિભાગની કચેરીએ આ કામગીરી મિશન મોડ તરીકે હાથ ધરી છે અને ડિસેમ્બર-૨૦૧૨ સુધીમાં ગાંધીનગર શહેરની તમામ ખાનગી મિલ્કતોની માપણી તેમજ નોંધણી અંગેની કામગીરી સંપન્ન થાય તે રીતે ચાલી રહી છે અત્યાર સુધીમાં ૧૮ સેક્ટરોમાં માપણીની કામગીરી સંપન્ન થઈ ગઈ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

સીટી સર્વેની કચેરી દ્વારા આ પ્રોપર્ટી કાર્ડ કોમ્પ્યુટરાઈઝ્ડ કરવામાં આવ્યું છે. આ પ્રોપર્ટીકાર્ડ લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૦૫ હેઠળ રેકર્ડ પ્રમાણિત કરી તૈયાર કરવામાં આવશે.

મિલ્કતના પ્રોપર્ટીકાર્ડ આમ તો દરેક શહેરમાં આપવામાં આવે છે. ગાંધીનગર શહેરની રચના થયે સાડાચાર દાયકા જેટલો સમય થયા પછી પણ તે અપાયા ન હતા. પ્રથમવાર સીટી સર્વેની કચેરી દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી છે અને એક જ વર્ષમાં તમામ ખાનગી મિલ્કતધારકોને તેમના પ્રોપર્ટી કાર્ડ આપી દેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના સે. ૧, ૨, ૩, ૩-ન્યુ, ૪, ૫ અને ૬ સેક્ટરના આ કાર્ડ તૈયાર કરી દેવામાં આવ્યા છે. જ્યારે ૧ થી ૧૭ સેક્ટર સુધીની ખાનગી મિલ્કતોની માપણીની કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે.

સીટી સર્વેની કચેરી દ્વારા આ પ્રોપર્ટી કાર્ડની સાથે સનદ પણ આપવામાં આવનાર છે. આ વિતરણની કામગીરી માટે જનસેવા કેન્દ્ર ખાતે ખાસ અલાયદુ કાઉન્ટર પણ ઉભુ કરવા માટેની કાર્યવાહી હાલ ગતિમાં હોવાનું જાણવા મળેલ છે.

સીટી સર્વે વિભાગના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મિલ્કતોની કોમ્પ્યુટરાઈઝ્ડ નિભાવણી શરૂ કરાશે તથા પ્રોપર્ટી કાર્ડની કોમ્પ્યુટરાઈઝ્ડ નકલો પણ મિલ્કતધારકોને ઉપલબ્ધ કરાવવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જે સેક્ટરોના પ્રોપર્ટીકાર્ડ તૈયાર થઈ ચુક્યા છે તેની સંખ્યા લગભગ ૧૭ હજાર જેટલી થવા જાય છે.

આ ઉપરાંત ગાંધીનગર શહેર ફરતી આવેલ નગર રચના યોજના વિસ્તારમાં આવેલી મિલ્કતોને સિટી સર્વે હેઠળ આવરી લેવા આ વિસ્તારને વધારાના વિસ્તાર તરીકે જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ મુજબ જાહેર કરવા માટેની દરખાસ્ત પણ જિલ્લા કલેક્ટરને મોકલી આપવામાં આવી છે.

સીટી સર્વે કચેરીના નિયંત્રણ હેઠળ આજુબાજુના નાના ગામોમાં આવેલી મિલ્કતોની નિભાવણી પણ આ કચેરી કરશે. જેમાં પેથાપુર, છાલા, રાંધેજા, રૂપાલ, કોલવડા, ડભોડા, વલાદ, ઉનાવા, અડાલજ,

● અનુસંધાન પાન-૭ પર



પ્રતિવર્ષ અંબાજીનાં દર્શન માટે આવતા મુંબઈના માઈભક્તોનો સંઘ સોમવારે ગાંધીનગરમાંથી પસાર થયો હતો. આ માઈભક્તો મુંબઈથી અમદાવાદ સુધી ટ્રેન દ્વારા આવે છે અને અમદાવાદથી અંબાજી સુધી પગપાળા યાત્રા કરે છે. એકસરખા ગણવેશ અને ધજાઓ સાથે સજ્જ આ સંઘે ગાંધીનગરનું વાતાવરણ ભક્તિના રંગે રંગી નાખ્યું હતું. (તસવીર : દિપક જાની)

# જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં અમલીકણના મામલે સામસામે આક્ષેપો

ગાંધીનગર, તા. ૨૪

સામાન્ય સભામાં કરાતા નિર્ણય પછી પણ તંત્ર દ્વારા અમલીકરણના નામે શૂન્યતા દર્શાવી અને સામાન્ય સભાના નિર્ણયોની અવગણના કરાતી હોવાના ગંભીર આક્ષેપો આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં વિપક્ષ અને સત્તાધારી પક્ષના સભ્યોએ કર્યા હતા.

ભાજપના શ્રી જયેશ પટેલે માણસા કુમાર શાળાની મુલાકાત તેમને સાથે રાખી કરવા અંગેના કરાયેલા નિર્ણય પછી આજ દિન સુધી તેમની સાથે કોઈપણ પ્રકારનો પત્ર વ્યવહાર સુદ્ધા થયો નહિ હોવાની છતાંય અહિ કામગીરી થઈ ગયાનું દર્શાવ્યું છે તેને લઈ હોબાળો મચાવ્યો હતો.

શિક્ષણ સમિતિના શ્રી રામાજી ઠાકોર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી બિપીનભાઈ ભટ્ટે આ મુદ્દે તાત્કાલિક પ્રા.શિ. અધિકારી જો દોષિત જણાશે તો તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે તેવી હૈયાધારણ આપી હતી.

આજે પ્રશ્નોત્તરીના કાળ દરમ્યાન વિપક્ષી નેતા શકુંતલાબેન પટેલે પ્રમુખશ્રી માટે કાર ખરીદવાનો મુદ્દો ઉપસ્થિત કર્યો ત્યારે ઈન્ચાર્જ હિસાબી અધિકારી શ્રી વેદીએ જણાવ્યું હતું કે કાર કન્ડમ કરવામાં આવે છે તે મુજબનો પત્ર મળી ગયો છે હવે ઝડપથી નવી ગાડી ખરીદી લેવામાં આવશે.

પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન કોંગ્રેસના શ્રી અજીતસિંહ રાઠોડે તલાટીઓની બદલીના મુદ્દે ઉગ્ર રજુઆતો કરી હતી. તેમણે લઘુમતિ કોમની વસ્તી વધુ હોય ત્યાં લઘુમતિ કોમના તલાટીની નિમણુંક કરવા બાબતે ભારત સરકારની સૂચનાઓનું પાલન કરવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો.

આજની આ બેઠકમાં બાંધકામ સમિતિના ચેરમેનની મુલાકાતો અંગે વિરેન્દ્રસિંહ વાઘેલાએ પુછેલા પ્રશ્નોના ઉત્તરમાં થોડીક રાજકીય ઉત્તેજનાઓ છવાઈ હતી. બાંધકામ સમિતિના ચેરમેન શ્રી અજીતસિંહે પ્રશ્નો પુછવા અને દાખલ કરવા અંગેની માર્ગદર્શિકાની સૂચનાઓનો ભંગ થતો હોવાની રજુઆત કરી હતી. થોડીક હુંસાતુસીને અંતે મામલો થાળે પડી જવા પામ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર



રામાપીરની નવરાત્રિનાં નવમા દિવસે ઈદગાહ પાસે રાજનગર મિલમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ નેજા સાથે પહોંચ્યા હતાં.

# ચિત્તરંજનસિંઘ નવા પોલીસ વડા

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યના નવા પોલીસ વડા તરીકે શ્રી ચિત્તરંજનસિંઘની નિમણુંક કરવામાં આવી છે. જ્યારે અમદાવાદના પોલીસ કમિશનર તરીકે શ્રી સાઈકિયાને બઢતી આપી નિમણુંક કરવામાં આવી છે. આ ઉપરાંત દિપક સ્વરૂપ અને અમિતાભ પાઠકને પણ બઢતી આપવામાં આવી છે.

રાજ્યના ગૃહ વિભાગની નિમણુંકો અંગે કેન્દ્રીય ચૂંટણી પંચે રાખેલા આગ્રહને લઈ આ હુકમો કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

# વિભાગનાં વિકાસ સૂત્રો તૈયાર કરો મોદીનો કેબિનેટ મંત્રીઓને આદેશ

## સરકારે ૧૦ વર્ષમાં કરેલાં કામોનો સંદેશ વિધાનસભા ક્ષેત્રમાં પ્રજા સુધી જવો જોઈએ, પ્રત્યેક મંત્રી વિભાગના ૨૫ એવાં મજબૂત સૂત્રો તૈયાર કરે

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વિધાનસભાની ચૂંટણી બે મોરચે લડવાની તૈયારી કરી છે. એક તરફ કેન્દ્રની કોંગ્રેસ સરકાર દ્વારા ગુજરાતને અન્યાયની રૂપરેખા બનાવી છે તો બીજીબાજુ ૧૦ વર્ષના વિકાસને એજન્ડા ઉપર મૂક્યો છે.

મંત્રીમંડળના સભ્યોને મત વિસ્તારમાં લોકોની સમક્ષ જવાની સૂચના સાથે મોદીએ મંત્રીઓના પોતાના વિભાગના વિકાસની યાત્રા તૈયાર કરવા જણાવ્યું છે જેથી મંત્રીઓએ તેમના વિભાગની ઓછામાં ઓછી ૨૫ સિદ્ધિઓના સૂત્રો એક સપ્તાહમાં તૈયાર કરવા કરવાના રહેશે.

ગુજરાતના સરકારના ૨૨ ઉપરાંત વિભાગોમાં મેળવવામાં આવેલી સિદ્ધિઓ એકત્ર કરવા મંત્રીઓએ તેમના સ્ટાફને કામે લગાડ્યો છે. આ સૂત્રો આવી ગયા પછી મુખ્યમંત્રીનું કાર્યાલય અને પ્રદેશ સંગઠન મળીને બેઠક પ્રમાણેના વિકાસના સૂત્રોની વ્યૂહરચના ગોઠવશે. આ સૂત્રો સાથે મંત્રીઓ અને ધારાસભ્યોએ મત વિસ્તારમાં જવાનું રહેશે.

છેલ્લા ૧૦ વર્ષમાં ક્યા વિભાગમાં ક્યા ક્યા કામો પૂર્ણ થયાં છે. જિલ્લા અને તાલુકા પ્રમાણેના ક્યા ક્યા મહત્વના કામો છે, જિલ્લાને ૧૦ વર્ષમાં કેટલી રકમની સહાય આપવામાં આવી છે, કેટલા લોકોને ક્યા કામથી રાહત થઈ છે તેવા અનેક મુદ્દા મંત્રીઓને આપવામાં આવ્યા છે, જેને પ્રજા સમક્ષ લઈ જવામાં આવશે.

# નરેન્દ્ર મોદી ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં હાજરી આપશે

## મિટીંગમાં વર્તમાન સંવેદનશીલ મુદ્દાઓ છવાશે

ગાંધીનગર, તા. ૨૪

ભાજપાના પ્રદેશ પ્રવક્તા આઈ. કે. જાડેજાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ભાજપાની રાષ્ટ્રીય કારોબારીની બેઠક ૨૬ સપ્ટેમ્બરના રોજ હરિયાણાના સુરજકુંડ ખાતે એક દિવસ માટે યોજાશે. તેમજ રાષ્ટ્રીય પરિષદની બેઠક ૨૭, ૨૮ સપ્ટેમ્બરના બે દિવસ માટે હરિયાણાના સૂરજકુંડ ખાતે યોજાશે. આ બેઠકમાં સમગ્ર રાષ્ટ્રમાંથી અપેક્ષિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે. ગુજરાતમાંથી પણ આ બેઠકમાં અગ્રગણ્ય કાર્યકર્તાઓ હાજરી આપશે.

૨૬ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં ગુજરાતમાંથી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલા, પ્રદેશ અધ્યક્ષ આર. સી. ફળદુ પ્રદેશ સંગઠન મહામંત્રી ભિખુભાઈ દલસાણિયા સહિત રાષ્ટ્રીય કાર્યકારિણીમાં અપેક્ષિત કાર્યકર્તાઓ હાજરી આપશે.

# સચિવાલય ફેડરેશન ૨૭મીના માસ સી.એલ.ના કાર્યક્રમમાં જોડાશે

ગાંધીનગર, તા. ૨૪

કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા સંકલન સમિતિ દ્વારા આપવામાં આવેલ માસ સી.એલ.ના કાર્યક્રમને સચિવાલય ફેડરેશને ટેકો જાહેર કરીને તેમાં જોડાવવાનો નિર્ણય કરેલ છે.

સચિવાલય ફેડરેશનના પ્રમુખ મનુભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે કર્મચારીઓનો પડતર પ્રશ્નો અંગે આ ફેડરેશન દ્વારા રાજ્ય સરકાર સાથે વાટાઘાટો કરીને રજુઆતો કરવામાં આવી હતી. આમ છતાં રાજ્ય સરકાર દ્વારા કોઈ જ ઉકેલ લાવવામાં ન આવતા અગાઉથી જાહેર કરવામાં આવેલ ૨૭-૯-૨૦૧૨ના માસ.સી.એલ.ના કાર્યક્રમમાં આ ફેડરેશને જોડાવાનો નિર્ણય કર્યો છે.







સ્વતંત્ર બંગલો ભાડે આપવાનો છે
કંપની / બેંક અધિકારીને લાયક, 4BHK GSPC ગેસ કનેક્શન, ૨૪ કલાક પાણી, રાયસણ પેટ્રોલ પંપની પાછળ, BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિર સામે, કોબા-ગાંધીનગર હાઈવે
સંપર્ક : ૯૫૭૪૩ ૨૬૯૨૬ ૯૪૨૬૩ ૨૬૮૧૮